શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૨

અંક : ૨



| | |
|---|---|
| મહિલા દિવસ | ૧ |
| સ્વૈચ્છિક સંસ્થાની વિશ્વસનીયતા | ૨ |
| જાહેર આરોગ્ય અને વિકલાંગતા | ૩ |
| કેસ સ્ટડી ફાઈલ | ૪ |
| એકલતા | ૫ |
| ઘઉં નિદર્શન | ૬ |
| મોઘવારી | ૭ |
| શિખામણ | ૮ |


## વિશ્વ મહિલા દિવસ

૮ માર્ચ પુરા વિશ્વમાં મહિલા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ઈશ્વરે નારીને કુટુંબની મુખ્ય સુત્રધાર બનાવી છે. નારી એ આજના યુગમાં પોતાનું આગવુ સ્થાન બનાવ્યુ છે. આંખોની ચંચળતા, મુખ પરનું માર્દવ, ત્વચાનો નિખાર આ બધુ નારીના જીવનને એક નવુ જ રૂપ આપી રહ્યુ છે નારી ધારે તો ઘરને સ્વર્ગ બનાવી શકે છે અને જો બગડે તો સ્વર્ગને નર્કમાં ફેરવી શકે છે. આમ જોવા જઈએ તો આજની નારીને કોઈની સહાનુભુતિની જરૂર નથી, તેને કોઈનાં ભરોસે જીવવાની જરૂર નથી. તે કોઈના સહારાની પરવા કર્યા વિના આગળ આવી શકે છે. આજની નારી જેમ રાણીબાઈ, સરોજીની નાયડુ, કસ્તુરબા, ઈન્દીરા ગાંધીએ જેમ દેશ, સ્વમાન, આત્મ ગૌરવ જાળવવા માટે જે લડાઈ લડી છે તેવી રીતે આજની નારી કોઈ પણ જગ્યાએ જવા માટે સક્ષમ બની છે. આજે મહીલાઓ ડોકટર, વકીલ, એન્જીનીયર, પાયલોટ જેવા ઉચાં હોદ્દા ઉપર પહોંચી છે. આજે નારી અબળા મટી સબળા બની છે આજની નારી કોઈ પણ ડર રાખ્યા વિના પડકાર ઝીલવા માટે તૈયાર છે. દરેક નારી માટે ગૌરવની વાત છે કે ઈશ્વરે તેને નારીનું જીવન આપ્યુ છે. નારીમાં રહેલી સહનશકિત, સમજ, પ્રેમ એ ઈશ્વરે આપેલી ખુબ સુંદર ભેટ છે. આજની નારીએ દરેક ક્ષેત્રે સફળતાઓ હાંસીલ કરી છે છતા અમુક જગ્યાએ મહીલાઓ સાથે થતા અન્યાય સામે લડત લડવાની જરૂર છે આ મહીલા દિવસે સંકલ્પ કરી નારી સામે થતા અન્યાયને રોકવાનો પ્રયત્ન કરવો કરીએ. મહિલા અધિકાર અભિયાનમાં જોડાઈએ.

*અંધકારથી નિરાશ ન થશો બીજા દિવસે સુરજ ઉગવાનો છે.*

**સ્વૈચ્છિક સંસ્થાઓની વિશ્વસનીયતા :-**

સ્વૈચ્છિક સંગઠનો સ્વ-નિયમન કરે, જાહેર જનતાની આંખોમાં તેની વિશ્વસનીયતા બને, તેઓની પોતાની જ આચાર સંહિતા અને શાસનનાં ધોરણો સ્થાપવા, વિકસાવવા ઉતેજન હેતુથી ક્રેડીબીલીટી એલાયન્સએ વિધિપુર્વકનાં ધોરણો(સ્ટાર્ન્ડઝ) અને સામાન્ય ધોરણો (નોર્મ્સ) સ્થાપવા પહેલ કરી છે. સરકાર અને સ્વૈચ્છિક ક્ષેત્રએ આ પ્રયાસોને આવકાર્યા છે આ પહેલ ક્ષેત્રની અંદર જ શાસનનાં ધોરણો ઉંચા લઈ જવા સાથે ક્ષેત્રનાં હિતધારકોને દલીલો કરવાને મંચ પુરો પાડવાની નેમ રાખે છે તે જાહેર જનતા, પ્રચાર માધ્યમો અને સૌ જોખમકારકો વચ્ચે વિશ્વાસ ઉભો કરે છે શાસનના વધુ ઉંચા ધોરણ ક્ષેત્રનાં તેના વિવિધ ઘટક એકમોને તેઓના કાર્ય પુરા કરવામાં વધુ ઉંચી નૈતિક સતા પુરી પાડશે. ૨૦૦૨ અને ૨૦૦૩ વચ્ચેનાં સમયગાળામાં દેશભરની ૨૦૦૦થી વધુ સ્વૈચ્છિક સંસ્થાઓએ ૭૫ જેટલી કાર્યશાળાઓમાં તેઓનાં મુલ્યવાન ઈનપુટસ આપેલ છે. ૨૦૦૪ થી ક્રેડીટીબીલીટી એલાયન્સની નોંધણી કરવામાં આવી હતી ત્યારથી સંસ્થાઓ સભ્ય બની છે અને સ્વૈચ્છિક સંસ્થાઓની વિશ્વસનીયતાની આ પહેલને તેઓ આગળ લઈ જઈ રહ્યા છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ ક્રેડીટીબીલીટી એલાયન્સનાં સભ્ય તરીકે વર્ષ ૨૦૦૪-૦૫ માં જોડાણ કર્યુ હતુ, ત્યારે લઘુતમ ધોરણ સ્વીકારી તેને કાર્યાન્વિત કર્યા હતા. આ ધોરણ અપનાવવાની પ્રક્રિયા સતત ચાલતી રહી જેમાં વધુ મજબુતી આવે તે રીતે સંસ્થાએ પોતાના સામાન્ય સભ્યો, કારોબારી સમિતી, અન્ય સમિતિઓ, સ્ટાફ ટીમ, હિત ધારકો તથા લક્ષિત સમુહનાં લોકો વચ્ચે આ બાબતો સતત ચર્ચામાં મુકી છે. વર્ષ ૨૦૦૮માં આ બાબતો ચકાસવા સંસ્થા પીયર ગૃપ રીવ્યુ કરવાની કાર્યવાહીમાં સામેલ થઈ હતી. સંસ્થાને આ બાબતે અધિકાર પત્રિત (એક્રેડિટ) કરવા અથવા વૈધિકતા (સર્ટીફીકેશન) પ્રદાન કરવા હેતુ જરૂરી પ્રક્રિયા હાથ ધરી ક્રેડીટીબીલીટી એલાયન્સ સાથે પરામર્શ થતા વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન આ કાર્યવાહી આગળ વધી. અધિકાર પત્રિત કરવાનાં કામે જરૂરી એસેસમેન્ટ ક્રેડિટીબીલીટી એલાયન્સનાં નિયુકત એસેસર દ્વારા ફેબ્રુઆરી-૧૦ દરમ્યાન કરવામાં આવેલ છે.

સારી વ્યવહાર પ્રક્રિયાઓ હાથ ધરવા પ્રયાસ કરવામાં આવેલ છે પરંતુ તે નિયમિત બની શકી નથી. નાણાકીય ઉપલબ્ધતાના અભાવે અમુક પ્રક્રિયાઓ આગળ વધી શક્તી નથી. આ વર્ષે તેને વિશેષ નાણાકીય જરૂર ન પડે તે રીતે અમલમાં લાવી શકાય કે કેમ ? અથવા તે અંગે નાણાકીય જોગવાઈ દર વર્ષે કરી શકાય તેમ હોય તો તેવી બાબતો સંચાલક મંડળમાં ચર્ચામાં મુકવામાં આવી છે.

*અજ્ઞાની હોવુ એ શરમ નથી, પણ શીખવા પ્રત્યે ઉદાસીનતા રાખવી એ શરમજનક છે.*

## જાહેર આરોગ્ય અને વિકલાંગતા અંગેનો અહેવાલ :-

જાહેર આરોગ્ય અને વિકલાંગતા અંગે હિમાયત તથા અમરેલી જીલ્લામાં થયેલી કામગીરીનાં અનુભવોના આદાન પ્રદાન માટે જીલ્લા સ્તરીય હિમાયતી બેઠક અમરેલી ખાતે હેન્ડીકેપ ઈન્ટરનેશનલ તથા આરોગ્ય વિભાગ દ્વારા તા.૪ ફેબ્રુઆરી -૨૦૧૦ નાં રોજ યોજાઈ. જેમાં અમરેલી જીલ્લાની વિકાસ ક્ષેત્રે કાર્ય કરતી અને વિકલાંગતાના મુદ્દે કાર્ય કરતી સંસ્થાના સભ્યો તથા વિકલાંગતા હિમાયતી જુથના સભ્યો જોડાયા હતા.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિકલાંગતાની વહેલાસર ઓળખ, સારવાર, અટકાવ, પુનઃર્વસન અને વિકલાંગતા ધરાવતી વ્યકિતઓનાં સશકિતકરણનો છે. આ ઉપરાંત ગુજરાતમાં વિકલાંગતાનાં મુદ્દે જાહેર આરોગ્યતંત્રને સજજ કરી એક મોડેલ પુરૂ પાડી, સાથે વિકલાંગતા ધરાવતી વ્યકિતઓનો વ્યકિતગત શકિત વિકાસ તેમજ તેમના નેટવર્કનાં શકિત વિકાસ દ્વારા તેમના માટે સમાન તકો નું સર્જન કરવુ અને વિકલાંગતાનાં મુદ્દાને રાજય સ્તરે લઈ જવો.

આ કાર્યક્રમમાં સરકારશ્રીનાં જુદા જુદા વિભાગોનાં અધિકારીઓએ હાજરી આપી હતી હવે પછી રાજયસ્તરીય બેઠક તા.૨૬/૨/૨૦૧૦ નાં રોજ ગાંધીનગર ખાતે યોજાયેલ છે.

## ગ્રામ આરોગ્ય સમીતીનાં સભ્યોની તાલીમની તસ્વીરો







**શ્રધ્ધા વિનાનો માનવી એ હાલતા ચાલતા શબ જેવો છે.**

## અમે રાખનાં પણ ધણી

મારા પિયરમાં માતા-પિતા બે ભાઈ તથા અમે બે બેહેનો છીએ. મારા પિતા અમારો પરંપરાગત ધંધો કરે છે, પરિસ્થિતી ખુબ ગરીબ છે, અમારી જ્ઞાતિનાં રીવાજ મુજબ સાટા પધ્ધતિથી લગ્ન થાય છે. મારા લગ્ન પણ તે રીતે થયેલા તેમજ મારા ભાઈનાં લગ્ન પણ ત્યાંજ થયા.

લગ્ન જીવનના ફળ સ્વરૂપે મારે સંતાનમાં બેબી તથા બાબાનો જન્મ થયો અમારો સંસાર ખુબ સુખ રૂપ ચાલતો હતો બધા હળીમળીને રહેતા હતા અને એક અકસ્માતમાં મારા પતિનું મૃત્યુ થયુ થોડો સમય બધાએ આશ્વાસન આપ્યુ દયાભાવ રાખ્યો અને મને તથા મારા સંતાનને સાચવ્યા. ત્યાર બાદ મુશ્કેલીઓની શરૂઆત ૬ માસ પછી થઈ મને મારા દિયર સાથે લગ્ન કરવાનું દબાણ થયુ જે મને મંજુર ન હતુ જેથી મારા પર શારીરીક માનસીક ત્રાસ શરૂ થયો. જમવાનું આપવાનું બંધ થયુ જીવન કઈ રીતે જીવવુ તે દુષ્કર બન્યુ. જેથી મારા પિતાને બોલાવી હું પિયર આવી તો મને તથા મારા પિતાને ફોન દ્વારા ધમકી મળવા લાગી કે આપણી જ્ઞાતિનાં રીવાજ પ્રમાણે તમારે દીયરવટુ વાળવુ પડશે અમારે તો કન્યા જોઈએ જ અમે તેની 'રાખના ધણી' તે અમારા બીજા દિકરા સાથે લગ્ન કરવા જ પડે જે માટે જ્ઞાતિ પંચ બોલાવીશુ તમને નાત બહાર મુકીશુ વગેરે દબાણ મારા પિતા પર થવા લાગ્યા પરંતુ મારા પિતા હિંમત હાર્યા નહી, મને હિંમત આપી અને હું મહિલા ન્યાય સમીતી ખાંભાની બહેનો પાસે આવીને ઉપરની હકીકત જણાવી તેઓએ મને હુંફ, આશ્વાસન, હિંમત અને ટેકો આપવાની ખાત્રી આપી. મારી હિંમત વધી અને મે મારો પ્રશ્ન નોંધાવ્યો. પતિ ગુજરી ગયા પછી સાસરીમાં આપણો ભાગ લાગે, કરીયાવર પાછો મળે, દિકરાને વારસાઈ મળે તવી જાણ થઈ, જેથી કરીયાવર પાછો મેળવવા માટે મે પોલીસમાં ફરીયાદ નોંધાવી અને મહિલા ન્યાય સમિતીના બહેનોને સાથે રાખી મે પોલીસની મદદથી મારો કરીયાવર પાછો મેળવ્યો.

આ ઉપરાંત બહેનોએ મારા માતા-પિતાને સમજાવ્યા અને મારા બીજે પુનઃલગ્ન થાય તેવા પ્રયત્નો શરૂ કર્યા છે હવે મારા માતા-પિતા માની ગયા છે અને અમારી જ્ઞાતિમાં મારા પુનઃલગ્ન થાય તેવુ વિચારે છે.

અમારો પ્રશ્ન નોંધ્યા બાદ મહિલા ન્યાય સમીતીનાં બહેનોએ મારા સાસરીયામાં રૂબરૂ મુલાકાતે ગયા હતા તેમને સમજાવ્યા હતા પરંતુ અમારી જ્ઞાતિ સમજી નહી અને ઉલટા ધાક ધમકી આપવા લાગ્યા કે તમને અમારી નાતની ખબર ના પડે અમે જોઈ લઈશુ. તેઓ નહી સમજતા અમારે પોલીસની મદદ લઈ કાર્યવાહી કરવી પડી. આમ, ખાંભાની મહિલા ન્યાય સમીતી મારી મદદે આવી.

**સર્જનાત્મક બનો મુખાકૃતિ સુંદર લાગશે.**

## 'એકલતા'

વ્યકિતનાં ચહેરા ઉપર જયારે છવાય જાય છે ત્યારે મન અને હૃદય વિષાદે અકલ્પિત સંવેદના અનુભવેછે યેનકેન પ્રકારે વ્યકિતનાં જીવનમાં એકલતા ભિન્ન પ્રકારે જગ્યા લે છે. પુરૂષ હોય કે સ્ત્રી ગૃહસ્થી જીવનની ચઢતી પડતી અથવા સંચિત કર્મોને કારણે આકસ્મિક, અણધારી એકલતા, વેદનાં આપે છે ખાસ જયારે પુરૂષ કે સ્ત્રી, તેમના લગ્ન જીવનનાં સાથીને ગુમાવે છે. ત્યારે પુરૂષતો દ્રઢ મનોબળે ધૈર્ય રાખી શકે છે પરંતુ નાની ઉંમરે કે, કોઈપણ ઉંમરે સ્ત્રીને વૈધવ્ય આવે તો તેણીનાં શેષ જીવનને પસાર કરવા તેણીએ એકલતાનો સામનો કરવો પડે છે અને તેમાંય તેણીનાં ગૃહસ્થ જીવનમાં કુટુંબનું કોઈ પાત્ર ન હોય, પુત્ર કે પુત્રી ન હોય, અથવા પુત્રી સાસરે હોય અને પુત્ર - પુત્રવધુ સાથે પરદેશ રહેતો હોય તો તે સ્ત્રીને ઘર જાણે વેરાન તેમજ એકાંત લાગશે દૈનિક ઘરકાર્ય, આડોશી-પાડોશી, સગાં સબંધીઓ સાથેનો વાર્તાલાપ માત્ર ક્ષણિક હોય છે. કોઈને ત્યાં આવવુ જવુ પણ ઔપચારિક હોય છે અને એકાંતને સહી લેવા સ્ત્રીને ઘણું સહન કરવાનુ ભાગે આવે છે.

ઘર ભલે ભર્યુ ભર્યુ સુખી સંપન્ન હોય કે ઘર માત્ર સાવ સામાન્ય વર્ગનું આર્થિક સમસ્યાથી ઘેરાયેલુ હોય પરંતુ તે ઘરની સાંજ, રાત્રિ અને મધ્યરાત્રિ એકલી સ્ત્રીની હિંમતને માત્ર ઈશ્વર જ મદદરૂપ થાય છે. બીન અનુભવી વ્યકિત માત્ર શાબ્દિક આશ્વાસન આપીને દેવદર્શન, પુજા અર્ચન, માળા કરવાની સલાહ આપે છે. પરંતુ એકાંકી વ્યકિતને જે અનુભવવુ પડે છે તે તો સ્ત્રીનુ અંતર મન જ જાણે છે. અગર જો કે સમાજમાં કોઈને પણ આ પરિસ્થિતીનો સામનો થાય તો તેનો વિકલ્પ માત્ર એ જ છે કે જે તે પાત્ર પુરુષ કે સ્ત્રીએ શેષ જીવન પસાર કરવા માટે સ્વયં તેમણે મક્કમ નિર્ધાર કરવાનો છે અને યેનકેન પ્રકારે ઈશ્વર નિર્મીત સંજોગને સ્વીકારી જીવન ગાળવાની ટેવ પાડવી જોઈએ.

સંકલન :- કનુભાઈ દવે

**માસ દરમ્યાન થયેલ કામગીરી**

| | |
|---|---|
| ૧ - | એસકેવાવ મીટીંગ - અમદાવાદ |
| ૪ - | વિકલાંગતા અંગે હિમાયત બેઠક -અમરેલી |
| ૧૩/૧૪- | વીએચએસસી તાલીમ ડેડાણ |
| ૧૫/૧૬- | વીએચએસસી તાલીમ સમઢીયાળા |
| ૧૫/૧૬- | તકેદારી તાલીમ ખાંભા |
| ૨૦ - | વર્ષા વિમા મીટીંગ અમદાવાદ |
| ૨૦/૨૧- | ક્રેડીટીબીલીટી વિઝીટ અમરેલી |
| ૨૨/૨૩- | આઈવાવ મીટીંગ દિલ્હી |
| ૨૫ - | જૈવિક વિવિધતા મીટીંગ અમદાવાદ |
| ૨૫/૨૬- | દસ્તાવેજી તાલીમ રાજકોટ |
| ૨૮ - | યુવા ઈવેન્ટ હનુમાનગાળા |

***ઠોકર ખાનારા ઠાકોર અને પથ્થર મારનારા પથ્થર બને છે.***

## ઘઉ નિદર્શન

ખેડૂત ખેતીમાંથી મબલખ ઉત્પાદન મેળવતો થયો પરંતુ તેની સામે તેની પાસે વર્ષના અંતે કશુ બચતુ નથી, આખા વર્ષ દરમ્યાન કેશીયરની જેમ પૈસા ફેરવ્યા કરે છે. કારણકે ખેતીમા ખર્ચ પણ ખુબજ થાય છે જેવા કે બિયારણ, દવા, ખાતર, ખેડ તથા મજુરી સહીતની બાબતોમાં પુષ્કળ નાણા ની જરૂરીયાત રહે છે. આ પરિસ્થતિ ના કારણે યુવાનો ખેતી કરવા કરતા મોટા શહેરોમા જઈ બીજા ધંધા, રોજગારમાં જોડાવાનું વધુ પસંદ કરે છે.

આ સ્થિતિને ધ્યાનમા રાખી સજજતા સંઘ દ્વારા ચાલતા ખેતીના ખર્ચ ઘટાડવાના કાર્યક્રમ અંતર્ગત ખેડુતો ઘઉંના પાકમાં ખુબજ ઓછા પિયત દ્વારા વધુ ઉપજ મળે તે માટે મધ્યપ્રદેશના વિદિશા જીલ્લાના સિરોંજનો નવેમ્બરમાં પ્રવાસ થયો. જેનાથી પ્રેરણા લઈ અમરેલી જીલ્લામા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા પ્રવાસમા જોડાયલા ત્રણ ખેડુતો એ મધ્યજોનના ધઉં રિચર્સ સેન્ટર ઈન્દોરથી ઓછા પિયતના ધઉં માલવશકિત તથા અમૃતા નામના બિયારણ અખતરા માટે ૫૦-૫૦ કિ.ગ્રા લાવેલ અને ખેડુતોએપોતાના ખેતરમા ૨૦થી ૩૫ ગુંઠાના પ્લોટમાં વાવેલ તેમજ પ્રવાસમાં સાથે આવેલ મહુવાના ગ્રામ નિર્માણ સમાજ સંસ્થાના ખેડુત શ્રી જગદીશભાઈ દેસાઈ ને શિક્ષણ અને સમાજ કલ્યાણ કન્દ્રના કૃષિ કાર્યકરશ્રીઓ દ્વારા અખતરા માટે બિયરણની વ્યવસ્થા તેમના ખેડુતો લાવેલ તેમાથી કરી આપેલ જે જગદિશભાઈ એ પણ ખાંભા તાલુકાના ખેડુતોની જેમ યોગ્ય જાણકારી તથા મહેનત દ્વારા પ્લોટીગ કરેલ જેનુ નિર્દશન સજજતા સંઘ કો-ઓર્ડિનેટરશ્રી તાથા કૃષિ તજજ્ઞ દ્વારા તા. ૧૧-૨-૨૦૧૦ના રોજ આયોજન કરવામા આવેલ જેમા ધઉંના પ્લોટનું નિર્દશન દરમ્યાન ઘઉંને કરવામા આવેલ માવજત તેમજ વાવણી પિયતનો સમય ગાળો, પુરતી ખાતરનો જથ્થો, હાથ નિંદામણનો સમય અને સંખ્યા ફુલ આવવાની અવસ્થા, ઉંબી આવવાનો સમય ગાળો, વગેરે જાણકારી ખેડુતોને આપવામા આવી હતી.

પ્લોટ નિર્દશન સ્થળ પર આવેલ ખેડુતોની બેઠક મળી હતી. જેમાં નટુભાઈ મકવાણાએ પ્લોટ નિર્દશનનો હેતુ અને મહત્વ જણાવેલ તથા પરીનાબહેને ઘઉંની જાતો અને જમીનના પ્રકારને ધ્યાનમા રાખી ધઉંની ખેતી કરવા જણાવ્યુ હતુ. વિપુલ શેલડીયાએ પ્રેરણા પ્રવાસનો અનુભવ જણાવી ખેડુતોના પ્રશ્નોના નિરાકરણ બતાવ્યા.

આ કાર્યક્રમમાં ખાંભા તાલુકાના ખેડુતો શ્રી મથુરદાસ દુધરેજીયા, શામળાભાઈ કાતરીયા, ભગવાનભાઈ તેમજ સંસ્થાના કાર્યકરશ્રી વિપુલભાઈ તથા પ્રમોદભાઈ જોષીએ ભાગ લીધો હતો.

***સમસ્યારૂપી નદી પાર કરવાનો પુલ એ બુધ્ધિ પુર્વકનું આયોજન છે.***

**હાય રે મોંઘવારી :-**

મધ્યમ વર્ગ પણ સબસીડીનું અનાજ ખાવા લાગ્યો.

કરીયાણાની દુકાનોથી અનાજ અને ખાંડ ખરીદવાનો ખર્ચ મોટા ભાગના ગ્રાહકો માટે બજેટની બહાર જતો રહયો હોવાથી રેશનની દુકાનો તેના માટે આશીર્વાદરૂપ થઈ રહી છે ખાદ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગ્રાહકો હવે રેશનની દુકાનોથી ૬૪ % વધુ ઘઉં અને ૪૦ % વધુ ખાંડ ખરીદી રહયા છે.

દેશમાં ખાંડની કુલ માંગમાં ૧૧ % હિસ્સો અથવા અનાજના કુલ ઉત્પાદનનો ૧/૩ હિસ્સો હવે રેશનની દુકાનેથી વેચવામાં આવે છે. સરકાર માટે આ સારા સમાચાર છે કારણ કે, વધુ એક વર્ષ સુધી અનાજની જાળવણીનો ખર્ચ ઉપાડવા કરતા આ જથ્થો વેંચાઈ જાય તે વધુ ફાયદાકારક છે.

૨૦૦૭ અને ૨૦૦૮ માં અનાજના ભાવ નિયંત્રણમાં હતા ત્યારથી રેશનની દુકાનોનુ મહત્વ ઓછુ થઈ ગયુ હતુ પરંતુ હવે ખુલ્લા બજાર અને સરકારી નિયંત્રણ હેઠળ વેંચાતા અનાજ, ખાંડના ભાવમાં ભારે તફાવત હોવાથી રેશનની દુકાનોનુ મહત્વ ફરી વધ્યુ છે.

વાણિજય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે ઘઉંનાં ભાવમાં છેલ્લા એક વર્ષમાં ૧૫ % વૃધ્ધિ થઈ છે આટા ચકકી પર એક કિલો ઘઉંનો ભાવ ઓછામાં ઓછો રૂા.૧૫ છે ત્યારે રેશનની દુકાને રૂા.૬.૫૦ માં ઘઉં મળે છે તેવી જ રીતે બજારમાં ખાંડનો ભાવ રૂા. ૪૫ પ્રતિ કિલો છે જયારે રેશનમાં રૂા.૧૫ માં એક કિલો ખાંડ મળે છે ગ્રાહકો હવે રેશનની દુકાનેથી દર મહિને ૨૦ લાખ ટન ઘઉંની ખરીદી કરે છે જયારે ૨૦૦૮-૨૦૦૯ માં દર મહીને ૧૨ લાખ ટન ઘઉંનો ઉપાડ થતો હતો. વાર્ષિક ઉપાડ ૨.૪ કરોડ ટને પહોંચી જશે ચોખાનાં ઉપાડમાં માત્ર ૧૦ લાખ ટનનો વધારો થયો છે.

ગરીબી રેખાથી ઉપર ગણાતા મધ્યમ વર્ગનાં પરીવારો પણ ભાવ વધારાના કારણે ભીંસ અનુભવી રહયા છે. ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના આંકડા પ્રમાણે જાન્યુઆરીમાં એ.પી.એલ. (ગરીબી રેખા ઉપર) પરીવારો દ્વારા અનાજનો ઉપાડ બીપીએલ (ગરીબી રેખા નીચે) પરીવારો કરતા વધુ હતો.મધ્યમ વર્ગનાં પરીવારોને સરકાર અનાજ પર ૬૦ % સુધી સબસીડી આપે છે.

રેશનની દુકાનો પરથી અનાજ અને ખાંડનો ઉપાડ વધવાથી સરકારનો અનાજનો સ્ટોક ઝડપથી ઘટી રહયો છે ૨૦૦૯ની શરૂઆતમાં સરકાર પાસે ૪.૫ કરોડ ટન અનાજનો જથ્થો હતો સરકારને અનાજ ખરીદીને તેનો સંગ્રહ કરવા માટે કિલો દીઠ રૂા. ૧૦.૮૦ નો ખર્ચ આવે છે.

સંકલન :- નવલિકા પટોળીયા

***કિર્તીની ઝંખના માનવીનાં અધઃપતનનું પહેલુ પગથીયુ છે.***

## માતા પિતાની પોતાના સંતાનને શિખામણ

વાત કરતી વખતે માણસની આંખમા તાકીને વાત કરજે.

પોતાની કમાણી કરતા ઓછો ખર્ચ થાય તેવું જીવન ગોઠવજે.

દિવસમાં ઓછામાં ઓછા ત્રણ માણસની પ્રશંસા કરજે.

વર્ષમાં શકય હોય એટલી વધુ વખત સુર્યાદય જોજે.

પોતાની ભુલ કબુલ કરવામાં સંકોચ રાખીશ નહી.

ખુબજ જરૂરી હોય તો જ ઉધાર કે ઉછીનુ લેજે.

કોઈના સ્વપ્ન ઉપર કયારે હસીશ નહી.

તારી પાછળ ઉભેલી વ્યકિતને પણ કોઈ વાર આગળ જવાની તક આપજે.

કોઈની પાસેથી કશું જાણવું હોય ત્યારે વિવેકથી પણ બે વાર પુછજે.

પ્રાર્થના કરવાનું ના ભુલીશ, પ્રાર્થનામાં અપાર શકિત રહેલ છે. ઈશ્વર ઉપર પુરો વિશ્વાસ રાખજે, પણ ઘરના બારણાને તાળુ મારવાનું ના ભૂલીશ.

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મુશ્કેલી મનુષ્યનો સૌથી મોટો શિક્ષક છે.**